બે જ કારણોસર હું રહી ગઈ ! એક એ કે તમારી સાથે લગ્ન કર્યાં અને બીજું એ કે વજન પચાસેક કિલો વધી ગયું !!

અનુ. જાતિના વિદ્યાર્થીઓ - ઘર વિહોણાં કુટુંબો માટે શિષ્યવૃત્તિ અને આવાસ યોજના

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પી.બી. શ્રીમાળીએ અનુસૂચિત જાતિ માટેની શિષ્યવૃત્તિ, આવાસ યોજના અને અન્ય યોજનાઓનો લાભ મેળવવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તથા બે ઘર ઉમેદવારોને ખાસ અનુરોધ કર્યો છે.

અનુસૂચિત જાતિઓનાં કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓમાં મુખ્યત્વે શિષ્યવૃત્તિની યોજનાઓ છે. ગ્રામ્ય વિસ્તારમાં ધોરણ-૧ થી ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ધોરણ-૧ થી ૫માં ૨૫૦ રૂ. અને ધોરણ-૯ થી ધોરણ-૧૦માં ૪૦૦ રૂ. અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓનાં વિદ્યાર્થીઓને જેઓ હોસ્ટેલમાં ન રહેતા હોય તેમને વાર્ષિક ૧૮૫૦ રૂ. અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જેવી કે વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, તૂરી, તૂરી-બારોટ, થોરી, વણકર-સાધુ, અનુસૂચિત જાતિના બાવા, તીરગર, માતંગ જેવી અતિ પછાત જાતિઓના વિદ્યાર્થીઓને ધોરણ- ૧ થી ધોરણ - ૮માં ૭૫૦ રૂ. અને ધોરણ-૯ થી ધોરણ- ૧૦માં ૧૦૦૦ રૂ.ની શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. આ ત્રણેય યોજનાઓમાં આવક મર્યાદા લાગુ પડતી નથી. આથી આવકના દાખલા રજૂ કરવાના રહેતા નથી. બે જોડી ગણવેશ માટે ૩૦૦ રૂ.ની સહાય આપવામાં આવે છે. જેમાં વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭૦૦૦ રૂ.ની છે. શિષ્યવૃત્તિ યોજનામાં શાળાઓ તરફથી દરખાસ્ત મળ્યા બાદ જે તે શાળાઓ મારફતે ચૂકવણી કરવામાં આવે છે. આ લાભ ન મળ્યો હોય તો જે તે શાળાનો સંપર્ક કરવો.

ચાલુ વર્ષે ડૉ. આંબેડકર આવાસ યોજનામાં ૧૭થી ૨૦સ્કોર ધરાવતા અનુસૂચિત જાતિના ઘર વિહોણા લાભાર્થીઓને લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે લોકો ૧૭ થી ૨૦ની બી.પી.એલ. યાદીમાં હોય અને મકાન બનાવવા માટેનો ઘરશાળાનો પ્લોટ ધરાવતા હોય તેઓને ૪૫૦૦૦ રૂ. અને ટોઈલેટ બ્લોક માટે ૨૨૦૦ રૂ. સહાય આપવામાં આવે છે. ૧૭થી ૨૦ની યાદીમાંના ઘર વિહોણા અને માલિકીની ખુલ્લી જગ્યા, પ્લોટ ધરાવતા ઈસમોએ ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ લાભ મેળવવા અરજી ફોર્મ ભરવું જરૂરી છે. અરજી ફોર્મ મેળવવા તેમજ ભરેલા અરજી ફોર્મ પરત આપવા માટે તથા વધુ વિગતો મેળવવા માટે જે તે અરજદારે પોતાના તાલુકામાં દર સોમવાર-ગુરૂવારે તાલુકા પંચાયતની કચેરીમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનો સંપર્ક કરવો. અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની યોજનાઓનો લાભ મેળવવામાં કોઈ મુશ્કેલી અનુભવતા હોય તો જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત, ગાંધીનગરનો સંપર્ક કરવા પી.બી. શ્રીમાળી જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત, ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

પ્રેરણા વિદ્યાલય જિલ્લા ફેન્સીંગ સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર તા. ૨૩

ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશનના ઉપક્રમે જિલ્લા કક્ષાની ફેન્સીંગ સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના ભાઈ-બહેનોની જુદી જુદી ઈવેન્ટ અંડર-૧૪, ૧૭, ૧૯માં પ્રથમ, બીજો અને ત્રીજા ક્રમે વિજેતા થઈ રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા છે. જે બદલ શાળા પરિવાર ગૌરવ અનુભવે છે. તમામ વિજેતાઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

પ્રથમ નંબરના વિજેતા : અમરસિંહ ઠાકોર, વિજય વાઘેલા, સુરેખા નિનામા, પાર્વતી ઠાકોર, દિપેન્દ્ર નિનામા, દિર્ઘા પ્રિયદર્શી, ભૂમિ ચૌહાણ, સોનલ મુનિયાસ, દર્શના નિનામા. દ્વિતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓમાં મિત્તલ ચાવડા, ક્રિષ્ના ચૌહાણ, સતીશ પટેલ, આશિષ સાકરીયા, દિપેન્દ્ર વાઘેલા, જયવીર વાઘેલા, મનીષ યાદવ, મીત મહેતા. તૃતીય ક્રમે વિજેતા વિદ્યાર્થીઓમાં કેના કિશોરી, યુવરાજ વાઘેલા, યોગેશ ભરવાડ, સુરેશ સભાડ, જાનકી ચાવડા.

ડભોડા હાઈસ્કૂલ જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ચેમ્પિયન

ગાંધીનગર તા. ૨૩

ગાંધીનગર જિલ્લા ગ્રામીણ અંડર-૧૬ બહેનોની હેન્ડબોલ સ્પર્ધા ચરાડા મુકામે યોજાઈ હતી. જેમાં એમ.એચ. વિદ્યામંદિર ડભોડાની બહેનોની ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને જિલ્લામાં ચેમ્પિયન બનેલ છે. પ્રજાપતિ નિધિ, પટેલ મિત્તલ, પરમાર શિલ્પા, પટેલ કોમલ, દેસાઈ જીલની રાજ્યકક્ષાએ પસંદગી થયેલ છે. વિજેતાઓને તથા વ્યાયામશિક્ષક દલસંગભાઈ ચૌધરીને શાળા પરિવાર તથા કેળવણી મંડળે અભિનંદન પાઠવ્યા છે.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓની રાજ્ય સ્તરે હેન્ડબોલ ટીમમાં પસંદગી

ગાંધીનગર તા. ૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલના વિદ્યાર્થીનો દિવસ દિવસે શિક્ષણ સાથે રમત-ગમતના પણ પોતાનું પ્રભુત્વ જમાવી રહ્યા છે. તાજેતરમાં કે.જી.એમ. હાઈસ્કુલ ચરાડા ખાતે ગ્રામીણ સ્તરની અંડર-૧૬ હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. એમાં ૫(પાંચ) ટીમોએ ભાગ લીધો હતો. ગ્રામીણ લેવલની હેન્ડબોલ સ્પર્ધામાં શાળાના ૧૨ વિદ્યાર્થીએ ભાગ લઈ વિજેતા થયા હતા. શાળાના વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનને ધ્યાનમાં લઈ જયેશ જે. પટેલ, યશપાલ વી. દેઓરાજ, મેહુલ વાય. પટેલ, કિશન એસ. પટેલ, પાર્થ વી. બારોટની સ્ટેટ લેવલની ગુજરાત હેન્ડબોલ ટીમ માટે પસંદગી થઈ હતી. રાજ્ય સ્તરે વિદ્યાર્થીઓની પસંદગી થતાં આચાર્યશ્રી અને મેનેજમેન્ટ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સ્કૂલ ઓફ એચિવર ખાતે વન મિનિટ ગેઈમ શો અને ક્વીઝ સ્પર્ધા યોજાઈ

શાળા સ્તરની સ્પર્ધાઓમાં ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને વિજેતાઓએ પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે આવેલી સ્કૂલ ઓફ એચિવરમાં તાજેતરમાં 'હમ ભી હૈ કલામ' અંતર્ગત ધોરણ-૧ થી ૫માં વન મિનિટ ગેઈમ શો યોજાયો હતો તથા ધોરણ-૬ થી ૯ના વિદ્યાર્થીઓ માટે 'માય ટેલેન્ટ' અંતર્ગત ક્વીઝ સ્પર્ધા યોજાઈ હતી.

શાળામાં યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ઝડપ, એકાગ્રતા અને ચોકસાઈના ગુણને કેળવતી વન મિનિટ ગેઈમ શોના રેડ હાઉસમાં વિધિ ભેસાનિયા, ક્રિશ પટેલ, ગ્રીન હાઉસમાં ઋષિલ પટેલ, યલો હાઉસમાં વ્યોમ પટેલ અને તીર્થ પટેલ વિજેતા બન્યા હતા અને પ્રમાણપત્ર મેળવ્યા હતા. ક્વીઝ સ્પર્ધાના ગ્રીન હાઉસમાં દેવ બારોટ, જીમેશ ભરવાડ, વિશ્વા ગોસાઈ, હિમેશ પટેલ વિજેતા બન્યા હતા અને પ્રમાણપત્ર મેળવ્યા હતા.

સમગ્ર સ્પર્ધામાં નિર્ણાયકો તરીકે કુરેશી મોહમ્મદ ઈમરાન, ઉપલા જયશ્રીબેન અને તૃપ્તિબેન પટેલે કામગીરી સંભાળી હતી. શિલ્પાબેન પંડ્યા, હેતલબેન પટેલ, કાજલબેન પટેલ અને મૌસમીબેન રાઠોડે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

પરીક્ષા સમિતિની બેઠક સત્વરે બોલાવવા નોટીસ

અમદાવાદ, તા. ૨૩

શિક્ષણ બોર્ડની ધો-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા બાદ સુધારેલા પરિણામને લઈને પ્રસિદ્ધ થઈ રહેલા સમાચારથી બોર્ડની પ્રતિષ્ઠા પણ ખરડાઈ રહી છે. જેથી સુધારેલા પરિણામોની ચકાસણી કરવા સહિત અન્ય કેટલીક બાબતોની પણ સ્પષ્ટતા કરવા ખૂદ પરીક્ષા સમિતિના સભ્યોએ આ અંગે નોટીસ ફટકારી ફક્ત ત્રણ દિવસમાં પરીક્ષા સમિતિની બેઠક બોલાવવા જાણ કરી છે. બોર્ડની પરીક્ષા સમિતિના સભ્યોએ ફટકારેલી નોટીસમાં જણાવ્યું છે કે ધો-૧૦ અને ૧૨ બોર્ડની માર્ચ-૨૦૧૨ની પરીક્ષા બાદ વિદ્યાર્થીઓના સુધારેલા પરિણામ બાબતે પ્રસિધ્ધ થઈ રહેલા સમાચારોથી બોર્ડની પ્રતિષ્ઠાને નુકશાન થઈ રહ્યું છે. જેથી સુધારેલા પરિણામોની ચકાસણી થકવી જોઈએ. ક્રમ-૧ને ધ્યાને લઈ ધો.-૧૦ અને ૧૨ની સામાન્ય પ્રવાહ અને ધો.-૧૧ અને ૧૨ની વિજ્ઞાન પ્રવાહની ઉતરવહીનો સંમતિ વગર નાશ કરવો નહી. પૂરક પરીક્ષાની હોલ ટીકીટમાં પૂરા સરનામાં અને શાળાના નામ આપ્યા નથી અને માર્ટ ૨૦૧૨ની પરીક્ષામાં પાસ જાહેર થયા બાદ નાપાસ જાહેર કરેલા તમામ કિસ્સાઓની ચકાસણી થવી જોઈએ. ખૂદ પરીક્ષા સમિતિના સભ્યોએ આપેલી નોટીસથી શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પરીક્ષા સમિતિની ત્રણ દિવસમાં બેઠક બોલાવી સ્પષ્ટતા નહીં કરાય તો કાયદેસરની કાર્યવાહી કરવાની પણ સભ્યોએ ચિમકી ઉચ્ચારી છે. બોર્ડની પરીક્ષા સમિતિના જ સભ્યોએ બોર્ડની પરીક્ષાલક્ષી કામગીરી સામે આંગળી ચિંધતા શિક્ષણ જગતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં વૃક્ષારોપણ સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના લેકાવાડા ગામે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ૧૪મી જુલાઈ ૨૦૧૨ થી ૨૧મી જુલાઈ-૨૦૧૨ દરમિયાન વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના આચાર્ય અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ શાળા પરિસરમાં વૃક્ષોનું વાવેતર, તેની માવજત અને વૃક્ષોની ઉપયોગીના સંદર્ભે વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. શાળાના પટાંગણણાં વાવેલા વૃક્ષોની ઉપયોગીતા તથા તેના મહત્વ વિશે વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. આ સંદર્ભમાં વિદ્યાર્થીઓ પાસે 'વૃક્ષ' વિષય ઉપર પ્રોજેક્ટ બનાવડાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ તેમાં સહર્ષ ભાગ લીધો હતો.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ખાતે અભિમુખતા શિબિર યોજવામાં આવી

ગાંધીનગર તા. ૨૩

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના સમાજવિદ્યા વિશારદ વિભાગમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી માટે 'અભિમુખતા શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવેશ પામેલા વિદ્યાર્થીનો ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસ તેના ધ્યેયો તેમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓની સમજ આપતી શિબિર હોય છે.

શિબિરમાં વિદ્યાપીઠના ધ્યેયો પર વિશેષ ભાર મુકવો. તે પ્રમાણે શિબિરમાં પ્રવૃત્તિ અને નિયમિતતાની શિસ્ત પાળવી. શિબિરમાં કેટલીક મહત્વપૂર્ણ સુચનાઓની ચર્ચા કરી હતી. શિબિરના સંચાલક મહેશભાઈ જાદવ, સહસંચાલક દિવ્યેશ ભટ્ટે સેવાઓ આપી હતી. ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી રાજેન્દ્ર ખિમાણીએ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. મહાવિદ્યાલયના સંયોજક કનૈયાલાલ નાયકનું સતત માર્ગદર્શન મળેલ હતું.

ટીંટોડા ભારતીય ઉત્તર બુનિયાદી વિદ્યાલયના કોમ્યુનિટી હોલનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય જનકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત ડૉ. રશ્મિકાન્ત દિપચંદભાઈ ગારડી, ભારતીય ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ટીંટોડા ખાતે રાજ્યસભાના સાંસદ પ્રવીણભાઈ રાષ્ટ્રપાલની ગ્રાન્ટમાંથી નિર્માણ પામેલા નવીન કોમ્યુનિટી હોલનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૨૯મી જુલાઈ-૨૦૧૨ને રવિવારે સવારે ૧૦ કલાકે ડૉ. આર.ડી. ગારડી ભારતીય ઉત્તર બુનિયાદી વિદ્યાલય, મુ. ટીંટોડા, તા. જિ. ગાંધીનગર ખાતે યોજાશે.

કોમ્યુનિટી હોલના ઉદ્‌ઘાટન સમારોહમાં સમારંભના અધ્યક્ષ સ્થાને પાટણના સંસદસભ્ય જગદીશ ઠાકોર, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા, અતિથિ વિશેષ તરીકે રાજ્યસભાના સાંસદ પ્રવીણચંદ્ર રાષ્ટ્રપાલ, મેઘરજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા અને મહેસાણાના પૂર્વ સાંસદ જીવાભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે.

યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

ભારતના પુનરુત્થાનનો પથ - ૧

॥ સોળમો મણકો ॥



આપણે ભૌતિક સંસ્કૃતિ વિરુધ્ધ મૂર્ખાઈભરી વાતો કરી છીએ. ભારતમાં થોડાક લાખ સ્ત્રી-પુરુષો સાચી આધ્યાત્મિકતાવાળા છે, માત્ર આટલા જ આધ્યાત્મિક લોકોના વિકાસને ખાતર શું બાકીના કરોડો લોકોએ જંગલીપણા અને ભૂખમરામાં સબડતા રહેવું? શા માટે કોઈએ ભૂખે મરવું જોઈએ ? મુસલમાનોએ હિન્દુઓ ઉપર વિજય મેળવ્યો તે શી રીતે શક્ય બન્યું ? તેનું કારણ હતું ભૌતિક બાબતોમાં હિન્દુઓનું અજ્ઞાન. ગરીબોને કામ આપવા માટે ભૌતિક સંસ્કૃતિ, અરે ભોગવિલાસ સુદ્ધાં જરૂરી છે. 'રોટી ? રોટી ?' જે ઈશ્વર આપણને અહીં રોટી આપી શકતો નથી તે સ્વર્ગમાં શાશ્વત સુખ આપશે તેમ હું માનતો નથી. ભારતને ઉન્નત બનાવવું છે, ગરીબોને રોટલો પહોંચાડવો છે, શિક્ષણનો વિસ્તાર કરવો છે અને પુરોહિતપ્રથાના અનિષ્ટોને દૂર કરવાં છે. પુરોહિત પ્રથા ન જોઈએ ? બધા માટે વધારે અન્ન ? વધારે તક ? હવે, આ પ્રગતિ આપણે ધીરે ધીરે લાવવી છે અને તે પણ આપણા ધર્મ માટેનો આગ્રહ રાખીને અને સમાજને સ્વતંત્રતા આપીને પુરાણા ધર્મમાંથી પુરોહિત પ્રથાનો નાશ કરો એટલે આપણને દુનિયાનો શ્રેષ્ઠ ધર્મ સાંપડશે. શું તમે ભારતીય ધર્મ સાથે યુરોપિયન પધ્ધતિનો સમાજ ઘડી શકશો ? હું માનું છું કે તે શક્ય છે અને શક્ય હોવું જોઈએ.

દેશનું પતન થયું છે એમાં તો શક જ નથી. પરંતુ, એ પણ એટલું જ ચોક્કસ છે કે તે પાછો જાગી ઊઠશે, અને ત્યારે એનું એ પુનરુત્થાન જગતને હેરત પમાડી દેશે. મોજાઓની વચ્ચેના ખાડા જેટલા ઊંડા, તેટલા વધારે બળપૂર્વક તે મોજાં ઊંચે ચડવાનાં. તમે રથનાં ચક્રને તમારા ખભાનો ટેકો આપો. અત્યારે તો આપણી ફરજ દેશના એક ખૂણેથી બીજા ખૂણા સુધી ગામડે ગામડે જઈને લોકોને સમજાવવાની છે કે આળસુ થઈને હાથ-પગ જોડી માત્ર બેસી રહ્યે નહીં ચાલે. લોકોને તેમની સ્થિતિનું ભાન કરાવો અને કહો કે 'ભાઈઓ ! ઊઠો, જાગો ! હજુ ક્યાં સુધી ઉંઘ્યા કરવું છે ?' લોકો પાસે પહોંચી તેમને પોતાની સ્થિતિ કઈ રીતે સુધારવી તેની સલાહ આપો અને શાસ્ત્રોના સર્વોચ્ચ સત્યોને સરળ અને લોકભોગ્ય રીતે રજૂ કરીને તેમના અંતરમાં ઊતારો. ઉપરાંત, તેમના જીવનની જરૂરિયાતો વિશે, ધંધા-રોજગાર વિશે, વેપાર અને ખેતીવાડી વિશે બહુ સાદી ભાષામાં સમજણ આપો. તમે જો એટલું ન કરી શકો તો તમારી કેળવણી અને સંસ્કૃતિને ધિક્કાર છે ! ધૂળ પડી તમારા વેદ-વેદાંતના અભ્યાસમાં ?

ભારતમાં ધર્મ લાંબા સમય સુધી સ્થિતિસ્થાપક બની રહ્યો છે. આપણે તેને ગતિશીલ બનાવવાનો છે. મારી ઈચ્છા સામાન્ય જનોના જીવનમાં ધર્મને બનાવવાની છે. ભૂતકાળમાં કાયમ બન્યું છે. તેમ ધર્મનો પ્રવેશ દેશમાં રાજાઓના મહેલોમાં તેમજ ગરીબમાં ગરીબ ખેડૂતના ઝૂંપડાંમાં પણ થવો જોઈએ. સર્વ સામાન્ય વારસા જેવો, પ્રજાના જન્મસિદ્ધ હક્ક જેવો ધર્મ સૌને બારણે સાવ મફત પહોંચવો જોઈએ. ભારતમાં ધર્મ, ઈશ્વરદત્ત હવા જેટલો મુક્ત, મફત અને મેળવવામાં સહેલો થવો જોઈએ. ભારતમાં જે કરવાનું છે તે આ જાતનું કાર્ય છે ? નાના નાના સંપ્રદાયો ઊભા કરીને મતભેદોના મુદ્દાઓ ઉપર મારામારી કરવાનું નહીં. જ્યાં આપણે સૌ એકમત છીએ તે મુદ્દાઓનો પ્રચાર કરીએ, ભેદો આપોઆપ મટી જશે ? મેં વારંવાર કહ્યું છે તેમ, કોઈ ઓરડામાં જો સૈકાઓથી અંધારું હોય તો એ ઓરડામાં જઈને બૂમ પાડવા માંડીએ કે 'અંધારું છે, અંધારું છે' તેથી શું એ અંધારું દૂર થવાનું છે ? પરંતુ, દીવો લાવો એટલે આપોઆપ અંધારું ચાલ્યું જશે. સત્તાની લાલસા અને ઈર્ષ્યા - આ બે વસ્તુઓથી સાવધ રહેજો. હંમેશા આત્મશ્રધ્ધા કેળવજો.

પ્રથમ બીજા દેશમાં જઈને તમારી પોતાની આંખોથી - બીજાઓની નહિ - એ લોકોની રીતભાત ને પરિસ્થિતિનો સંભાળપૂર્વક અભ્યાસ કરો, એના ઉપર ચિંતન કરો. ત્યારપછી તમારા પોતાના ધર્મગ્રંથો અને તમારું પ્રાચીન સાહિત્ય વાંચો, ભારતભરમાં પ્રવાસ કરો, એનાં જુદા જુદા ભાગોના લોકો, તેમની ટેવો, તેમના રીત-રિવાજો, એ બધાનું એક ચકોર બુધ્ધિમાન અવલોકનકારની દૃષ્ટિથી નિરીક્ષણ કરો. તો તમને દીવા જેવું સ્પષ્ટ દેખાશે કે પ્રજા હજી એવી ને એવી અકબંધ જીવતી છે. એની નાડી હજી ચોક્કસ ધબકારા કરી રહી છે.

ત્યાં તમને એ પણ જણાશે કે ઉપરથી દેખાતા મૃત્યુની રાખ તળે હજીયે આપણા રાષ્ટ્રીય જીવનનો અગ્નિ પ્રજ્વલિત છે. આ પ્રજાનું જીવન છે ધર્મ, એની ભાષા છે ધર્મ, એનો વિચાર છે ધર્મ અને તમારું રાજકારણ. સમાજસેવા, નગરપાલિકા, રોગો અટકાવવાનું અને દુષ્કાળ નિવારવાનું કાર્ય... બધું આજ સુધી અહીં જેમ થતું આવ્યું છે તેમ એટલે કે કેવળ ધર્મ દ્વારા જ થશે. દોસ્ત ! અન્ય રીતો તો તમારા બધા ઘેલછાભર્યા બરાડા અને પોકારોનું પરિણામ શૂન્ય જ આવશે ! (અપૂર્ણ)

વૃક્ષોની અમીરી પામવા માટે અમીર હોવું ફરજિયાત નથી

ફળ ફૂલ નથી પછી જીવશો કેમ જીવન ! વૃક્ષોને ભૂલો નહિ, વધારો એની શાન !

॥ ત્રીજો મણકો ॥

કેટલો સંપ અને કેટલો મનમેળ ! અનેકતામાં એકતા અને એકતામાં અનેકતા. આપણે તો વૃક્ષો કરતાં પણ ગયા. એક જ શહેરમાં, એક જ સોસાયટીમાં, એક જ ફ્લેટમાં અડખે-પડખે બાજુમાં રહેતા પાડોશીને ઓળખવાનું તો બાજુ પર રહ્યું, નામ સુદ્ધાંની ખબર નથી હોતી કે નથી રાખતા. બુદ્ધિ આપ્યા પછી ભગવાન પણ પસ્તાય છે ! કરુણા તો એ વાતની છે કે ભગવાનને ય આ બુદ્ધિ પાછળથી આવી ! માણસ આગળ તો ભગવાનેય લાચાર !

હાથે કરીને હોળી રમ્યા, શું કરે ભગવાન ! રસ બધા ઢોળાઈ ગયા, વન બન્યું છે ખિન્ન !

વૃક્ષોની અમીરી પામવા માટે અમીર હોવું ફરજિયાત નથી. પરંતુ શેરબજારના સોદામાં, ક્રિકેટના સટ્ટામાં, જમીન-મકાનની લે-વેચમાં, તીન પત્તીમાં, પૈસાની લ્હાયમાં નિરસ બનેલા માણસને ગોરસ જેવો 'રસ' શબ્દ જ અળખામણો થઈ ગયો છે ત્યાં ઉપર જણાવેલા રસોમાં રસ ક્યાંથી રહે !! વૃક્ષનાં મૂળિયાં તો પાતાળમાંથી રસ ખેંચી લાવે છે અને પોતાની ટોચે પહોંચાડે છે. આ બાબતમાં ય આ માણસની હાલત શિર્ષાસન જેવી છે. બિચ્ચારો માણસ !!

દશા બેઠી માણસની કેમ થયું પતન ? રહ્યું બધું યાદ ને ભૂલ્યો વૃક્ષનું જતન !

હજુ ય ક્યાં મોડું થયું છે ? ફૂલને એકવાર હથેળીમાં લઈ રમાડી તો જુઓ ! સુખને એક અવસર તો આપો ! એક વૃક્ષ ઊગાડીને તો જુઓ. હે માણસ ! એક ફૂલ પાસેથી તો શીખ - એક ફૂલ નવોઢાના અંબોડે શોભે છે, એક ફૂલ વેલેન્ટાઈન ડેની પ્રતીક્ષામાં છે, એક ફૂલ ભમરા સાથે રમે છે, એક ફૂલ નનામી ઉપર શોકાંજલી આપી રહ્યું છે, એક ફૂલ કોઈ જીત ઉજવવા હારમાં ગોઠવાઈ રહ્યું છે, એક ફૂલ પ્રેમી કે પ્રેમિકાના આગમનની રાહ જોઈ રહ્યું છે તો એક ફૂલ પરમ કૃપાળુ પરમાત્મા પરમેશ્વરના ચરણોમાં પ્રાર્થનામય બની બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે - નરસિંહ મહેતાની પંક્તિ ચરિતાર્થ કરી રહ્યું છે. ફૂલનું આયુષ્ય કેટલું ? હે માણસ, તારું આયુષ્ય તો સો વર્ષનું છે, છતાં તું કેમ કરમાઈ ગયો ? એક ભગવાનને નીરખવા હોય તો ફૂલને નીરખ. કે વૃક્ષ નીચે ઊભા રહી મૂળથી ટોચ સુધી લગનીથી તું નીરખીશ તો તારે કોઈ મંદિરે જવાની જરૂર નથી.

નીરખને ફૂલ, છોડ, ઝાડ અને આ પાન; વન કહે છે તને દેખાડી દઉં ભગવાન !!

એક જ કેળના છોડ ઉપર એક જ લૂમમાં પાંચસો કેળાંના આભાર જેવા ભારથી કેળ લચી કે નમી પડેલી જુઓ એટલે આ રચના કરનાર ભગવાનને નમવું જ પડે ! કેળાં વીર્યવર્ધક છે તો ડુંગળી વાજીકરણ છે, બટાટા બહુ લોકપ્રિય છે તો વટાણા વગર ચાલતું જ નથી, મગ લાવે પગ, મેથીનાં ભજીયાં કોને ન ભાવે ? તો તાંદળજાની ભાજી આગળ શ્રીકૃષ્ણ પણ લાચાર ! આંબલી જોઈને દહાડા સારા જાય તો આમળાં જોઈ બધા મલકાય. લાલચટક ટામેટાંથી ગાલ રાતામાતા થાય, પપૈયું બધાંને પચી જાય તો હાફૂસ આવ્યે ઘર હાઉસફૂલ થાય. મૂળ જોઈને મન લલચાય તો ગાજરનો હલવો થાય, દૂધી તેલથી માથાનો ભાર હળવો થાય, આદુથી ઠંડી જાય ને તરબૂચથી ગરમી જાય, બોર થયે નહિ ચાલે. શ્રીરામ ભગવાન બોર ખાવા શબરીની ઝૂંપડીએ જાય. અહીં ગણાવી એ બધી બાબત વન-ઉપવન-વેલી-વૃક્ષ-છોડની ચોખ્ખી નીપજ છે, જેના વગર આપણને ચાલતું નથી. પણ વૃક્ષ વાવવાની જો વાત કોઈ કરે તો આપણું મગજ ચાલતું નથી.

હવે આ નહિ ચાલે...

ફળ ફૂલ નથી પછી જીવશો કેમ જીવન ! વૃક્ષોને ભૂલો નહિ, વધારો એની શાન !

વસંતના વૈભવની વૃક્ષોના ઠાઠની વાતો વગર તો આ લેખ અધૂરો ગણાય. મંદિરના પૂજારીનેય શાયરી લલકારવાનું મન થાય એ વસંત. બાવળનું ઠૂંઠું ય લીલાં પર્ણોથી શોભી ઊઠે, આમ્રમંજરીની માદક મહેંક મન લોભાવો, આગ લાગી હોય એમ કેસૂડો મ્હોરે, રાતરાણીનો ઠસ્સો રાજરાણીથી ઓછો નથી હોતો, કોયલ ટહૂકા કરે, મોર ગહેંકે, વાયરો પાગલ બની કળીઓને સુંવાળો સ્પર્શ કરે, ભ્રમર જ્યાં ને ત્યાં અડપલાં કરી રોમિયોની જેમ વર્તે - શિવજીનું તપ ભંગ કરવા જેમ કામદેવે કળા કરી એવું વાતાવરણ જામે, પક્ષીઓ સંવનનમાં વ્યસ્ત બને, નર અને માદા લટૂડાં-પટૂડાં થઈ જાય, સમગ્ર વન સૃષ્ટિ મદોન્મત્ત બની લગ્નોત્સવના મોસમની જેમ સજીધજી રૂપની જાણે કે હરિફાઈ કરતી હોય તો સમજો કે વસંત આવી ગઈ છે.

અલબત્ત, કુદરત પણ આજે બધા નિયમોમાં છૂટછાટ મૂકી વર્તી રહી છે. અઠ્ઠાવન વર્ષે કર્મચારી નિવૃત્ત થાય તેમ જીર્ણ થયેલાં પાંદડાં વૃક્ષથી અલગ થઈ રહ્યાં છે, ફેશ યુવાનોની ભરતી થાય તેમ નવાં પર્ણો ગોઠવાઈ ગયાં છે.

વસંતથી શોભી ઊઠ્યું છે આખું વનરાવન, નભ-ધરતી મધ્યે વૃક્ષોની નીકળી છે આ જાન !

ચાલો, આપણે સૌ આ જાનમાં જાનથી જોડાઈ વૃક્ષો સાથે હળીમળી જઈએ.

- પી એમ પરમાર 'દર્શન'